ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત


KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org


**અખબારી યાદી** તા:૦૩/૧૦/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,
.................................,
ભાવનગર.

## 'વન્ય જીવ સપ્તાહ' નિમીત્તે કાળીયાર અભ્યારણ, વેળાવદરની મુલાકાત યોજાઈ.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા થયેલું આયોજન.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર છેલ્લા ૧૪ વર્ષથી ભાવનગર શહેર તથા જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાઓ, કોલેજો, વિવિધ મહિલા મંડળો તથા ખેડુતો માટે અનેકવિધ કાર્યક્રમો દ્વારા વિકસતા વિજ્ઞાનની સમજુતિ સાથે વૈજ્ઞાનિક અભીગમ કેળવાય તેવા સતત પ્રયત્નો કરી રહયું છે.

સમગ્ર વિશ્વમાં તા. ૧ થી ૭ ઓકટોબર **'વન્ય જીવ સપ્તાહ'** તરીકે ઉજવાય છે. તથા તા. ૨ ઓકટોબર **'ગાંધી જયંતિ'** તરીકે ઉજવાય છે. તેના અનુસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૨ ઓકટોબરના રોજ સવારના ૫:૩૦ કલાક થી બપોરના ૧૨:૩૦ કલાક દરમ્યાન કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદર, તા. ભાવનગરની મુલાકાત અને સફાઈ અભીયાનનું આયોજન કરેલ.

મુલાકાત દરમ્યાન શ્રી વી. એ. રાઠોડ સાહેબ (આર. એફ. ઓ., વેળાવદર)એ વેળાવદર ઉદ્યાનમાં જોવા મળતા પ્રાણીઓ અને પક્ષીઓના ઈતીહાસ અને તેમની આજની પરીસ્થીતી વિશે રસપ્રદ અને સચિત્ર માહિતી આપી હતી. આ ઉપરાંત મુલાકાતીઓએ ઉદ્યાનમાં આવેલ યાયાવાર પક્ષીઓને વેટલેન્ડ એરીયામાં તેમના પ્રાકૃતીક રૂપમાં નીહાળવાનો અલભ્ય આનંદ માણ્યો હતો.

મુલાકાતના અંતમાં બધાજ મુલાકાતીઓ દ્વારા ઉદ્યાનના વિવિધ વિસ્તારોમાં સફાઈ કરવામાં આવી હતી. સ્વચ્છતા અભીયાનમાં જોડાઈને મુલાકાતીઓ એ રાષ્ટ્રપીતા મહાત્મા ગાંધીજીને સાચી શ્રધ્ધાંજલી અર્પી હતી.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન શ્રી ડી. પી. વાઘેલા સાહેબ અને શ્રી વી. એ. રાઠોડ સાહેબ (આર. એફ. ઓ., વેળાવદર)એ પુરતો સાથ સહકાર આપેલ. કુલ મળીને **૫૨** લોકોએ આ પ્રાકૃતિક પ્રવાસનો લાભ લીધો હતો.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.